# દેશ હવે સુશાસન માટે ભાજપના મોટા આઈડિયાની રાહમાં

**- અરુણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )**

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો એક મહિના પહેલાં જાહેર કરવામાં આવ્યા ત્યારથી રાષ્ટ્રીય રાજકારણની કાર્યસૂચિમાં નોંધપાત્ર ફેરફારો થયા છે .

ભાજપે 13 મી સપ્ટેમ્બર, 2013ના રોજ પક્ષના વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીનું નામ જાહેર કર્યું તે પહેલા વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં ભાજપની ક્ષમતા અને ભાજપની આંતરિક વ્યવસ્થા બાબતે શંકા ઉભી કરવામાં આવી હતી. આ હોદ્દા પર નરેન્દ્ર મોદીના નામની ઘોષણાને વિશાળ ટેકો મળ્યો. પક્ષના નેતાઓને તે મામલે વિક્રમજનક આધાર મળ્યો. વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે તેમના વ્યક્તિગત રેટિંગ વિક્રમજનક સપાટીએ પહોંચ્યા. 8મી ડિસેમ્બર, 2013ના રોજ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ મોદી વિરુદ્ધ રાહુલ વિશે ચર્ચાએ જોર પકડ્યું. મોદી અને ભાજપ બંને માટે એ નિર્ણાયક ઘડી હતી. દિલ્હીની ચૂંટણીમાં નવી સ્પર્ધક તરીકે આમ આદમી પાર્ટી ઉદભવ થયો. છેલ્લા એક મહિનામાં, આમ આદમી પાર્ટીએ મીડિયા અને લોકમાનસ બંને પર કબજો મેળવ્યો છે. તે પ્રતિક્રિયામાંથી ઉદભવેલો પક્ષ છે. એક પક્ષ પ્લેટફોર્મ વગર ચૂંટણીમાં ઝંપલાવ્યું અને રાજકીય આશાસ્પદ ઉમેદવારો નવા પક્ષમાં જોડાવા લાગ્યા. આવી ભરતીથી કેટલાક ઉમેદવારોને પરંપરાગત વાસ્તવિક મતો કરતાં વધુ સફળતા પ્રાપ્ત થઈ. આજે તેઓની મહત્વાકાંક્ષા માટે એક મંચ મળ્યો.

આપનો દિલ્હી સરકારમાં પ્રભાવ ખૂબ પ્રેરણાદાયી નથી. તે વૈશ્વિક શહેર દિલ્હીને વિકસાવવાનો કોઈ એજન્ડા ધરાવે છે કે કેમ તેના પર ધ્યાન આપવાનું રહેશે. તે પક્ષની દિલ્હીમાંની પ્રવૃત્તિઓને મીડિયાએ કેન્દ્રબિંદુ બનાવીને પ્રચાર કર્યો.

આપ પાર્ટી ભ્રષ્ટાચારની કાર્યસૂચિ બદલવા માટે પ્રયાસ કરી રહી છે. ભ્રષ્ટાચારના આરોપો સાથેનો કોઈપણ ઉલ્લેખ કોંગ્રેસને મૂંઝવી શકે છે. કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ, 2 જી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ, કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ અથવા શીલા દિક્ષીત સરકારના શાસનકાળમાં થયેલા ભ્રષ્ટાચાર મહત્ત્વના છે.

એક અગ્રણી અખબાર દ્વારા લેવામાં આવેલા જનમત મુજબ આ મતદાન ત્રણ સંદેશા આપે છે. સૌથી મહત્વપૂર્ણ સંદેશ કોંગ્રેસ પાર્ટી લોકસભાની ચૂંટણી માટે આ સ્પર્ધામાંથી બહાર ફેંકાઈ રહી છે. બીજા સંદેશો આપ પાર્ટી તેની હાજરી બનાવે છે. ત્રીજું વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીની પસંદગી રાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય બની છે. .

ભાજપ સામે હવે એ પડકાર છે કે આવા જનમતનો લાભ કેવી રીતે ઊઠાવવો ? તેના ઉમેદવારો અને સંસ્થાકીય માળખા વડે જનતાની વિશ્ર્વસનીયતા કેવી રીતે હાંસલ કરવી ? કોંગ્રેસ પક્ષ સ્પર્ધામાંથી બહાર ફેંકાઈ રહ્યો છે, તે સાથે ભાજપ ફ્રન્ટ રનર બન્યો છે. ભાજપની પ્રવૃત્તિઓમાં હવે તેની ગતિ વધારવા અને દરેક ઘરમાં લોકપ્રિયતા મેળવવા માટેની બાબતોનો સમાવેશ કરવામાં આવનાર છે. 'વડાપ્રધાનપદ માટે મોદી' અભિયાન ભારત માટેના એજન્ડા તરીકે આગળ વધારવામાં આવનાર છે. તાજેતરના ભૂતકાળમાં કોંગ્રેસની સફરમાં ઘમંડ જોવા મળ્યો છે. દિલ્હીમાં આપને ઉત્તેજન આપવામાં તેની વ્યૂહરચના સત્તામાં માત્ર કોંગ્રેસની જગ્યા ફાળવી રાખવાની છે. ભાગ્યે જ એવું કોઈ રાજ્ય હશે કે જ્યાં કોંગ્રેસ લોકસભામાં તેની બેઠકો વધારવા માટે સક્ષમ હોય. તેને મળનારી બેઠકો અત્યાર સુધીમાં સૌથી ઓછામાં ઓછી રહેવાની સંભાવના છે.

ભાજપ-વિરોધી કાર્યકરો ધરાવતા મતવિસ્તારોમાં મતદારોએ કોંગ્રેસ પ્રત્યેની આશા ગુમાવી દીધી છે. તેઓ નવા વિકલ્પ તરફ વળવા ઈચ્છે છે. કોંગ્રેસના ગ્રહણથી કોને ફાયદો થશે? ભાજપ માટે આ ચૂકી ન શકાય એવી તક છે. નરેન્દ્ર મોદી સૌથી સ્વીકાર્ય વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે આગળ આવ્યા છે. ભાજપ અને તેના નેતાઓના મોટા આઈડિયા(વિચારધારા) હવે ભારત માટે ભવિષ્યની કાર્યસૂચિમાં અભિવ્યક્ત થવા જ જોઈએ.